# ડીપફેક સોશિયલ મીડિયા ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ

## આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડીપફેક આધારિત સાયબર છેતરપિંડીના કેસોમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા આપણા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયું છે. પરંતુ, આ ટેકનોલોજીની સાથે સાયબર ગુનાઓનું પ્રમાણ પણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. હાલના સમયમાં "ડીપફેક સોશિયલ મીડિયા ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ" એક અત્યંત ગંભીર અને સંગઠિત ગુના તરીકે ઉભરી આવ્યો છે. એક અંદાજ મુજબ, ભારતમાં થતા કુલ સાયબર ગુનાઓમાં ઓનલાઈન ફાયનાન્સિયલ ફ્રોડનો હિસ્સો વધુ છે, જેમાં છેલ્લાં વર્ષોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડીપફેક આધારિત સાયબર છેતરપિંડીના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે.
આ પ્રકારના ફ્રોડમાં લોકોની મહેનતની કમાણી ક્ષણભરમાં લૂંટાઈ જાય છે.



### સાવચેતી અને સુરક્ષાના ઉપાયો

**1) સેબી રજિસ્ટ્રેશન વેરિફિકેશન:** કોઈપણ સંસ્થા કે વ્યક્તિ સાથે રોકાણ કરતા પહેલા, તે ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ (સેબી) માન્ય છે કે નહીં તેની તપાસ સત્તાવાર વેબસાઇટ પર જઈને કરો, અને એ બાબતને યાદ રાખો કે સેબી દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ ક્યારેય અનધિકૃત રીતે વ્હોટ્સએપ ગ્રુપ દ્વારા રોકાણની સલાહ આપતી નથી.

**2) અજાણી લિંક્સથી દૂર રહો:** સોશિયલ મીડિયા પર દેખાતી આકર્ષક જાહેરાતો કે લિંક્સ પર ક્લિક કરીને કોઈપણ ટ્રેડિંગ કે ઇન્વેસ્ટમેન્ટ એપ્લિકેશન કોઇ પણ સંજોગોમાં ડાઉનલોડ કરશો નહીં. એપ્લિકેશન ડાઉનલોડ કરવા હંમેશા ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરનો જ ઉપયોગ કરો.જેનાથી તમને સાયબર સુરક્ષા મળી રહે છે.

**3) ડીપફેકની ઓળખ કરો:** વિડીયો જોતી વખતે વ્યક્તિની આંખોના પલકારા , ચહેરાના હાવભાવ, હોઠનું હલનચલન , અને અવાજમાં આવતી કૃત્રિમતા પર ધ્યાન આપો. જો કોઈ મોટી સેલિબ્રિટી અસાધારણ નફાની વાતો કરતી હોય, તો સત્તાવાર ન્યૂઝ ચેનલ્સ પર તેની પુષ્ટિ કરો.

**4) "ઝડપી કમાણી"ની લાલચથી બચો:** હંમેશા એ વાત ને યાદ રાખો કે રોકાણના બજારમાં કોઈ જાદુ હોતો નથી. "કોઈપણ જોખમ વિના રાતોરાત પૈસા ડબલ" કરવાની કે ટૂંકા ગાળામાં ૨૦% થી 30% વ્યાજ આપવાની સ્કીમ હંમેશા છેતરપિંડી જ હોય છે.

**5) વ્યક્તિગત માહિતી ગુપ્ત રાખો:** તમારા બેંક ખાતાની વિગતો, OTP, UPI પિન કે પાસવર્ડ ક્યારેય પણ અજાણ્યા વ્યક્તિઓ કે અનધિકૃત એપ્લિકેશન્સ સાથે શેર કરશો નહીં.

### સાયબર ગુનેગારો કૌભાંડને ખૂબ જ આયોજનબદ્ધ રીતે અંજામ આપે છે

#### નકલી ઓડિયો-વિડીયોનું નિર્માણ

સાયબર ગુનેગારો હોય છે તે જાણીતા ઉદ્યોગપતિઓ, નાણાકીય નિષ્ણાતો, બોલિવૂડ સેલિબ્રિટીઝ અથવા સરકારી અધિકારીઓના અસલી વિડીયો અને અવાજના સેમ્પલ ઇન્ટરનેટ પરથી એકવાર એકત્રિત કરી લે છે અને ત્યારબાદ, એડવાન્સ "એ આઈ" ટૂલ્સની મદદથી એવા ડીપફેક વિડીયો તૈયાર કરવામાં આવે છે , જેમાં આ જાણીતા ચહેરાઓ લોકોને કોઈ ચોક્કસ ઇન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મમાં રોકાણ કરવાની સલાહ આપતા દેખાય છે. આ વિડીયો એટલા આબેહૂબ હોય છે કે સામાન્ય માણસ માટે અસલી અને નકલી વચ્ચેનો તફાવત પારખવો લગભગ અશક્ય બની જતો હોય છે અને છેતરાય છે.

#### સોશિયલ મીડિયા પર પ્રચાર

આ ડીપફેક વિડીયોને તમામ પ્રકારના જાણીતા સોશ્યિલ પ્લેટફોર્મ પર આકર્ષક જાહેરાતો તરીકે ચલાવવામાં આવે છે. જાહેરાતોમાં "ઓછા સમયમાં ગેરંટીડ ડબલ રિટર્ન" અથવા "IPOમાં ૧૦૦% કન્ફર્મ એલોટમેન્ટ" જેવી લલચામણી ઓફર્સ આપવામાં આવે છે. સાયબર ગુનેગારો દ્વારા કરવામાં આવતા રોકાણના આવા નકલી જૂથોમાંથી ૮૦% થી વધુ ગ્રુપ્સ તો માત્ર મેસેજિંગ પ્લેટફોર્મ પર સક્રિય હોય છે.

#### નાણાં ઉપાડવા પર પ્રતિબંધ અને છેતરપિંડી

જ્યારે રોકાણકાર પોતાના પૈસા પાછા ખેંચવાનો પ્રયાસ કરે છે, ત્યારે સ્કેમર્સ ટેક્સ, પ્રોસેસિંગ ફી અથવા કમિશનના નામે વધુ પૈસાની માંગણી કરે છે. અંતે, બધા પૈસા પડાવી લીધા પછી, ગુનેગારો યુઝરને બ્લોક કરી દે છે. આંકડા દર્શાવે છે કે આવા કૌભાંડોમાં ભોગ બનનાર વ્યક્તિ પોતાની મૂડીના સરેરાશ ૬૦% થી ૮૦% નાણાં ગુમાવી બેસે છે.

#### નકલી એપ્લિકેશન-કૃત્રિમ અથવા બનાવટી નફો

ભોગ બનનાર વ્યક્તિનો વિશ્વાસ જીત્યા પછી, તેને પ્લે સ્ટોરની બહારની કોઈ અજાણી લિંક પરથી એક ખાસ ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે કહેવામાં આવે છે. આ એપ્લિકેશનમાં યુઝર જે નાણાં ટ્રાન્સફર કરે છે તે સીધા ગુનેગારોના બેંક એકાઉન્ટમાં જાય છે. પરંતુ એપ્લિકેશનના ડેશબોર્ડ પર ખોટો નફો બતાવવામાં આવે છે, જેથી યુઝર વધુ ને વધુ રોકાણ કરવા પ્રેરાય.

#### મેસેજિંગ પ્લેટફોર્મ પર જોડાણ

જ્યારે કોઈ યુઝર લાલચમાં આવી ને જાહેરાત પર ક્લિક કરે છે, ત્યારે તેમને સીધા જ મેસેજિંગ પ્લેટફોર્મ પરના ગ્રુપમાં ઉમેરવામાં આવે છે. આ ગ્રુપ્સમાં નકલી સેબી રજિસ્ટર્ડ એનાલિસ્ટ અથવા મેન્ટર્સ હોય છે. ગ્રુપના અન્ય સભ્યો જે ખરેખર સ્કેમર્સના જ બોટ્સ અથવા સાથીદારો હોય છે, દરરોજ નકલી પ્રોફિટના સ્ક્રીનશોટ શેર કરીને વાતાવરણ એવું બનાવે છે કે આ સ્કીમ સંપૂર્ણપણે સાચી છે.

### કેસ સ્ટડી

તાજેતરમાં સોશિયલ મીડિયા પર BSEના મેનેજિંગ ડિરેક્ટર અને CEOના નામે એક AI-જનરેટેડ ડીપફેક વીડિયો વાયરલ થયો હતો. આ AI-જનરેટેડ ડીપફેક વિડીયોમાં તેઓ લોકોને ચોક્કસ શેર્સમાં રોકાણ કરવાની સલાહ આપતા અને અસાધારણ નફો મેળવવાની ગેરંટી આપતા દેખાતા હતા,સાથે વિડીયોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે "જો તમે અત્યારે રોકાણ કરશો તો ૨૦૨૭ સુધીમાં તમારી પાસે ૮૦ લાખ હશે." આ જાહેરાત દ્વારા લોકોને નકલી વ્હોટ્સએપ ચેનલમાં જોડાવવા દબાણ કરવામાં આવતું હતું. BSE એ સત્તાવાર નોટિસ જાહેર કરીને આ વિડીયોને સંપૂર્ણપણે નકલી અને અનધિકૃત જાહેર કર્યો હતો.

### જાગૃતિ અને સમયસર ફરિયાદ

ડીપફેક ટેકનોલોજી જેટલી આધુનિક છે, તેટલો જ તેનો દુરુપયોગ પણ વધી રહ્યો છે. સાયબર ગુનેગારો હવે માત્ર ટેક્નિકલ ખામીઓનો નહીં, પરંતુ લોકોના વિશ્વાસ અને લાલચનો પણ લાભ ઉઠાવી રહ્યા છે. તેથી કોઈપણ રોકાણ કરતાં પહેલાં તેની સત્તાવાર ચકાસણી કરવી, અજાણી લિંક્સથી દૂર રહેવું અને માત્ર અધિકૃત પ્લેટફોર્મનો જ ઉપયોગ કરવો એ સમયની સૌથી મોટી જરૂરિયાત છે."સુરક્ષિત રોકાણની શરૂઆત જાગૃત નિર્ણયથી થાય છે." ડિજિટલ દુનિયામાં સાવચેતી, જાગૃતિ અને સમયસર ફરિયાદ એ જ તમારી મહેનતની કમાણીનું સાચું રક્ષણ છે.

**(મયુર ભુસાવળકર)**

**86,420**
**સાયબર ક્રાઈમના કેસ સમગ્ર દેશમાં નોંધાયા હતા**

**1,995**
**સાયબર ક્રાઈમના કેસ ગુજરાતમાં નોંધાયા હતા**

### જો તમારી સાથે છેતરપિંડી થાય તો શું કરવું?

જો તમે અથવા તમારી પરિચિત કોઈ વ્યક્તિ આવા ડીપફેક સોશિયલ મીડિયા ઇન્વેસ્ટમેન્ટ ફ્રોડનો ભોગ બને છે, તો ગભરાયા વગર ત્વરિત પગલાં લેવા જોઈએ,

**1) ગોલ્ડન અવરનો ઉપયોગ:**
સાયબર ફ્રોડ થયાના પ્રથમ ૧ થી ૨ કલાક અત્યંત મહત્વપૂર્ણ છે. આ સમયગાળામાં ફરિયાદ કરવાથી નાણાં ફ્રીઝ થવાની અને પરત મળવાની શક્યતા ૭૦% સુધી વધી જાય છે.

**2) હેલ્પલાઈન નંબર પર જાણ કરો :**
ત્વરિત રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કોલ કરી પુરાવા સાથે ઘટનાની જાણ કરો,વધુમાં સત્તાવાર નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ www.cybercrime.gov.in પર જઈને તમામ પુરાવાઓ જેમ કે ચેટ સ્ક્રીનશોટ, ટ્રાન્ઝેક્શન આઈડી વગેરે સાથે ઓનલાઈન ફરિયાદ નોંધાવો.

**2025 દરમિયાન ગુજરાતમાં 1.42 લાખથી** વધુ સાયબર ફરિયાદો નોંધાઈ હતી અને વિવિધ પ્રકારની ઓનલાઇન છેતરપિંડીમાં અંદાજે 678.71 કરોડનું નુકસાન થયું હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. તેમાં સોશિયલ મીડિયા, રોકાણ, OTP, ઓળખ ચોરી અને અન્ય ઓનલાઈન ફ્રોડનો સમાવેશ થાય છે.

## TECH BITES


### સેલ્સફોર્સે ભારતના SMB માટે 'SMB ગ્રોથ કિટ' લોન્ચ કરી

સેલ્સફોર્સે ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગો (SMBs) માટે 'SMB ગ્રોથ કિટ' નામનું નવું ઇન્ટિગ્રેટેડ સોલ્યુશન લોન્ચ કર્યું છે. તેમાં AI આધારિત Agentforce Sales CRM, Slack અને Tableau જેવી સેવાઓને એક જ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કંપનીનો દાવો છે કે આ સોલ્યુશન માત્ર ચારથી છ અઠવાડિયામાં અમલમાં મૂકી શકાય છે. તેના દ્વારા નાના ઉદ્યોગો અલગ-અલગ સોફ્ટવેરના બદલે એકીકૃત પ્લેટફોર્મ પર વેચાણ, ટીમ કોલાબોરેશન અને ડેટા એનાલિટિક્સનું સંચાલન કરી શકશે. આ પહેલથી SMB ક્ષેત્રમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશનને વેગ મળશે અને વ્યવસાયિક કાર્યક્ષમતા વધશે.



### HCLTech અને ગાર્ડિયન વચ્ચે AI ભાગીદારી વધુ મજબૂત

HCLTechએ અમેરિકાની અગ્રણી મ્યુચ્યુઅલ ઇન્શ્યોરન્સ કંપની Guardian સાથેની ભાગીદારીને વધુ વિસ્તૃત કરી છે. સાત વર્ષના નવા કરાર હેઠળ Guardianના ભારત સ્થિત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (GCC)નું અધિગ્રહણ કરવામાં આવશે, જેના કારણે લગભગ 2,000 કર્મચારીઓ HCLTech સાથે જોડાશે. કંપની Guardianની ટેક્નોલોજી અને કામગીરીને આધુનિક બનાવવા માટે પોતાની AI Force પ્લેટફોર્મ અને એજન્ટિક AI ક્ષમતાઓનો ઉપયોગ કરશે. આ ભાગીદારીથી ઓપરેશનલ કાર્યક્ષમતા વધશે, નવીનતા ઝડપી બનશે અને ગ્રાહકોને વધુ સ્માર્ટ તથા ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ થશે.



### મોંઘા સ્માર્ટફોન, મજબૂત ડિવાઈસ અને મર્યાદિત નવા ફીચર્સને કારણે બજારમાં બદલાતો ટ્રેન્ડ

# સ્માર્ટફોન અપગ્રેડનો ક્રેઝ ઘટ્યો!



એક સમય હતો જ્યારે ભારતીય ગ્રાહકો દર દોઢથી બે વર્ષે નવો સ્માર્ટફોન ખરીદતા હતા. નવી ડિઝાઈન, ઝડપી પ્રોસેસર અને વધુ સારા કેમેરાના આકર્ષણને કારણે સ્માર્ટફોન બજારમાં સતત તેજી જોવા મળતી હતી. પરંતુ હવે આ ટ્રેન્ડમાં મોટો ફેરફાર આવ્યો છે. બજારના તાજેતરના અભ્યાસો દર્શાવે છે કે ભારતીય ગ્રાહકો હવે સરેરાશ ત્રણ વર્ષ કે તેથી વધુ સમય સુધી એક જ સ્માર્ટફોનનો ઉપયોગ કરી રહ્યા છે.ઉદ્યોગ નિષ્ણાતોના જણાવ્યા મુજબ, સ્માર્ટફોન બજાર હવે પરિપક્વ (Mature) બની ગયું છે. નવી મોડલોમાં અગાઉની સરખામણીમાં મોટા ફેરફારો જોવા મળતા નથી. ખાસ કરીને મધ્યમ કિંમતના સ્માર્ટફોનમાં મળતા ફીચર્સ હવે પ્રીમિયમ ફોનની નજીક પહોંચી ગયા હોવાથી અપગ્રેડ કરવાની જરૂરિયાત ઓછી અનુભવાય છે.

### ફોન વધુ ટકાઉ બનતા બદલાઈ રહી છે ખરીદીની આદત

તાજેતરના વર્ષોમાં સ્માર્ટફોનની બિલ્ડ ક્વોલિટી, બેટરી, પ્રોસેસર અને સોફ્ટવેર સપોર્ટમાં નોંધપાત્ર સુધારો થયો છે. ઘણી કંપનીઓ હવે ચારથી સાત વર્ષ સુધી સોફ્ટવેર અને સુરક્ષા અપડેટ આપે છે. જેના કારણે ત્રણ-ચાર વર્ષ જૂનો ફોન પણ સરળતાથી દૈનિક ઉપયોગ માટે સક્ષમ રહે છે.નિષ્ણાતો માને છે કે ભવિષ્યમાં સ્માર્ટફોન બજાર માત્ર વેચાણની સંખ્યાથી નહીં, પરંતુ પ્રીમિયમ મોડલ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ફીચર્સ અને વેલ્યુ-આધારિત અપગ્રેડ પર વધુ આધારિત રહેશે.

**સ્માર્ટફોન બજાર હવે માત્ર નવો ફોન ખરીદોના મોડલમાંથી બહાર આવી જ્યારે ખરેખર જરૂર હોય ત્યારે અપગ્રેડ કરોના તબક્કામાં પ્રવેશી રહ્યું છે. આગામી વર્ષોમાં AI, વધુ લાંબી સોફ્ટવેર સપોર્ટ અને નવીન હાર્ડવેર ડિઝાઇન ગ્રાહકોને અપગ્રેડ કરવા માટેના મુખ્ય પરિબળ બનશે.**

### મોંઘવારી અને કિંમતોનો પણ મોટો પ્રભાવ

વૈશ્વિક સ્તરે ચિપની કિંમતો, મેમરી કોમ્પોનેન્ટ, આયાત ખર્ચ અને ચલણના વધઘટને કારણે સ્માર્ટફોનની કિંમતોમાં વધારો થયો છે. પરિણામે ગ્રાહકો હવે નવો ફોન ખરીદતા પહેલાં વધુ વિચાર કરે છે. બીજી તરફ, એક્સચેન્જ ઓફર, EMI અને ફાઇનાન્સિંગ સુવિધાઓ હોવા છતાં ગ્રાહકો હવે જરૂરિયાત મુજબ જ અપગ્રેડ કરવાનું પસંદ કરી રહ્યા છે.

### સ્માર્ટફોન અપગ્રેડ ધીમું થવાના મુખ્ય કારણો

- નવા મોડલોમાં મોટા ફેરફારોનો અભાવ
- સ્માર્ટફોનની વધતી કિંમતો
- લાંબી બેટરી લાઇફ અને મજબૂત હાર્ડવેર
- લાંબા સમય સુધી સોફ્ટવેર અપડેટ
- મધ્યમ કિંમતના ફોનમાં પણ પ્રીમિયમ ફીચર્સ

### બદલાતી ગ્રાહકોની માનસિકતા

●પહેલા 18-24 મહિને ફોન બદલાતો હવે 36 મહિના કે વધુ સમય સુધી ઉપયોગ ●નવી ડિઝાઇન સૌથી મોટું આકર્ષણ ●ટકાઉપણું અને મૂલ્યને પ્રાથમિકતા કેમેરા માટે અપગ્રેડ ●જરૂર પડે ત્યારે જ અપગ્રેડ ●દર વર્ષે નવો મોડલ ખરીદવાનો ટ્રેન્ડ ●લાંબા સમય સુધી એક જ ફોનનો ઉપયોગ

### 2026માં સ્માર્ટફોન બજારના નવા ટ્રેન્ડ્સ

●AI આધારિત સ્માર્ટફોન ફીચર્સ કમ્પ્યુટેશનલ ફોટોગ્રાફીમાં સુધારો ●વધુ કાર્યક્ષમ બેટરી ટેક્નોલોજી ●સેટેલાઇટ કનેક્ટિવિટીનો વધારો ●ફોલ્ડેબલ અને અલ્ટ્રા-સ્લિમ ડિઝાઇન ●સ્માર્ટફોન બજારના નવા ટ્રેન્ડ્સ લાંબા સમય સુધી ચાલે તેવા અને રિપેર કરી શકાય તેવા ફોન

# ભવિષ્યનું AI માત્ર બોલશે નહીં, સાંભળશે પણ!

### ટેક્સ્ટ અને તસવીરોની દુનિયાથી આગળ વધીને મશીનો હવે અવાજ, કંપન અને પરિસ્થિતિને પણ સમજશે : ઉદ્યોગોમાં આવશે નવી ક્રાંતિ

### શા માટે જરૂરી છે 'સાંભળતું AI'?

મશીન ખરાબ થાય તે પહેલાં તે સામાન્ય કરતાં અલગ અવાજ કે કંપન કરે છે. જો AI આવા સૂક્ષ્મ સંકેતોને ઓળખી શકે તો અકસ્માતો અટકાવી શકાય, ઉત્પાદન અટકવાનું ટાળી શકાય અને કરોડો રૂપિયાનું નુકસાન બચાવી શકાય.
નિષ્ણાતોનું માનવું છે કે ભવિષ્યમાં AIની સફળતા તેની ગણતરી કરવાની ક્ષમતા પર નહીં, પરંતુ તે વાસ્તવિક દુનિયાને કેટલી સારી રીતે "અનુભવી" શકે છે તેના પર નિર્ભર રહેશે.

અત્યાર સુધી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મુખ્યત્વે લખાણ, તસવીરો અને વિડિયો પર આધારિત રહી છે. પરંતુ હવે ટેક્નોલોજીનું આગામી મોટું પગલું એવા AI તરફ છે, જે માત્ર માહિતી વાંચે નહીં, પરંતુ આસપાસના વાતાવરણને સાંભળી, અનુભવી અને સમજી પણ શકે. નિષ્ણાતોનું માનવું છે કે આગામી દાયકામાં વિશ્વનું ઔદ્યોગિક નેતૃત્વ એવા દેશો પાસે હશે, જે મશીનોને વાસ્તવિક દુનિયાના સંકેતો સમજવા સક્ષમ બનાવશે. આજે AI ઈ-મેઈલ લખી શકે છે, ફોટા બનાવી શકે છે અને પ્રશ્નોના જવાબ આપી શકે છે. તેનું કારણ એ છે કે તેને વર્ષોથી ઈન્ટરનેટ પર ઉપલબ્ધ લખાણ, તસવીરો અને વિડિયો પરથી તાલીમ આપવામાં આવી છે. પરંતુ વાસ્તવિક દુનિયામાં ઘણી મહત્વની માહિતી એવી હોય છે જે ક્યારેય ઈન્ટરનેટ પર આવતી નથી. મશીનમાંથી આવતો અસામાન્ય અવાજ, મોટરમાં થતું કંપન, વાયરનું ગરમ થવું કે દબાણમાં થતો ફેરફાર જેવી બાબતો આવનારી ખામીનો સંકેત આપી શકે છે.

### 'ફિઝિકલ AI' તરફ આગળ વધી રહી છે દુનિયા

નિષ્ણાતોના મતે હવે AIનું આગલું સ્વરૂપ 'ફિઝિકલ AI' હશે. આ ટેક્નોલોજી કારખાનાં, પાવર પ્લાન્ટ, રેલવે, ઓઈલ રિફાઈનરી અને ઉત્પાદન એકમોમાં મશીનોની સ્થિતિને સતત નિહાળી શકશે. તે અવાજ, કંપન, તાપમાન, દબાણ અને વીજપ્રવાહનું વિશ્લેષણ કરીને ખામી સર્જાય તે પહેલાં જ ચેતવણી આપી શકશે. ઉદાહરણ તરીકે, સામાન્ય ચેટબોટ મેન્ટેનન્સ રિપોર્ટ વાંચી શકે છે, પરંતુ ભવિષ્યનું AI માત્ર મોટરના અવાજ પરથી કહી શકશે કે બેરિંગ ખરાબ થવાનું છે અથવા કોમ્પ્રેસરમાં ખામી આવવાની શક્યતા છે.

### ફિઝિકલ AI શું છે?

- મશીનોના અવાજનું વિશ્લેષણ કરે
- કંપન અને દબાણમાં ફેરફાર ઓળખે
- તાપમાન અને વીજપ્રવાહનું નિરીક્ષણ કરે
- ખામી સર્જાય તે પહેલાં ચેતવણી આપે
- મેન્ટેનન્સ ખર્ચ અને ડાઉનટાઇમ ઘટાડે
- અકસ્માતો અટકાવી શકાય

### ભારત માટે મોટી તક

દેશના કારખાનાં, પાવર પ્લાન્ટ, ટેક્સટાઇલ મિલો અને મેન્યુફેક્ચરિંગ યુનિટ્સમાં આવી ટેક્નોલોજી અપનાવવામાં આવે તો મશીનની ખામીઓ સમયસર શોધી શકાય, ઉત્પાદન ખર્ચ ઘટાડી શકાય અને કાર્યક્ષમતા વધારી શકાય. નિષ્ણાતોનું માનવું છે કે જે દેશ AIને વાસ્તવિક દુનિયાના સંકેતો સમજતા શીખવશે, તે આગામી ઔદ્યોગિક ક્રાંતિમાં આગળ રહેશે.